



# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧ ૨૨ માર્ચ, ૨૦૧૬, મંગળવાર ; ફાગણ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# અનામત નીતિમાં કોઈ ફેરફાર નહીં : મોદી

## વિરોધીઓ બિનજરૂરી રીતે ખોટો હોબાળો મચાવી રહ્યા છે : ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં ભાજપ સરકાર અને અનામત સાથે ક્યારેય કોઇ ચેડા કરાયા નથી



નવી દિલ્હી,તા. ૨૧

દલિતો માટે અનામત નીતિમાં કોઈપણ ફેરફાર કરવામાં આવશે નહીં તેવી નક્કર ખાતરી આપતા વડાપ્રધાન મોદીએ આજે ભારપૂર્વક કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ દલિતોના અનામતના અધિકારને આંચકી શકશે નહીં. તેમણે આક્ષેપ કર્યો હતો કે, દલિતો માટે અનામતના મુદ્દા ઉપર વિરોધ પક્ષો દ્વારા ખોટી બાબત ફેલાવવામાં આવી રહી છે. વિરોધીઓ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે પરંતુ આમા વિરોધ પક્ષો સફળ રહેશે નહીં. દલિતોને ગેરમાર્ગે ન દોરાવવા વડાપ્રધાને સાફ શબ્દોમાં અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, અનામતની નીતિમાં કોઈપણ ફેરફાર થશે નહીં. વડાપ્રધાને બંધારણના નિર્માતા ભીમરાવ આંબેડકરની સરખામણી અશ્વેતના અધિકારો માટે લડત ચલાવનાર માર્ટિન લુથર કિંગ સાથે કરી દીધી હતી. અહીં આંબેડકર સ્મૃતિ સંબોધન દરમિયાન મોદીએ કહ્યું હતું કે, અમે જ્યારે પણ સત્તામાં રહ્યા છીએ ત્યારે દલિતો,

● અનુસંધાન પાન-૭ પર



**ટ્રીન-ટ્રીન-ગ્રીન-ગ્રીન** - ગાંધીનગર મહાનગરનો સાઈકલ શેરીંગનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટના પ્રારંભે સાઈકલ રેલી યોજાઈ હતી... સાઈકલ ચલાવવાની જાગૃતિના ભાગરૂપે યોજાયેલી યુવાનોની સાઈકલ રેલીએ આકર્ષણ જમાવ્યું હતું... ગાંધીનગરના વિકાસને કેન્દ્રમાં રાખી મધ્યમ વર્ગીય અને સામાન્ય વર્ગના નાગરિકોને પૂરક બનવાના હેતુસર ગુડા દ્વારા સાઈકલ શેરીંગનો પ્રોજેક્ટ ગુજરાતમાં પ્રથમ વખત આરંભાયો છે... સાઈકલ શેરીંગ પ્રોજેક્ટનું અનુકરણ અન્ય શહેરોમાં પણ કરવા સરકાર વિચારે છે... (તસવીર : દિપક જાની)

# એપ્રિલથી હોમ અને કાર લોન સસ્તી થશે

## માર્જિનલ કોસ્ટ ઓફ ફંડિંગ ફોર્મ્યુલા અમલી થશે : પીપીએફ સાથે નાની બચત સ્કીમ પર વ્યાજદરનો ઘટાડી દીધા બાદ બેંકો ઉપર બધા લોકોને રાહત આપવા દબાણ

મુંબઈ,તા. ૨૧

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન આગામી દિવસોમાં વ્યાજદરમાં ઘટાડો કરે કે ન કરે એપ્રિલ મહિનાથી ઘર, કાર, ટેલિવીઝન અને વોશિંગ મશીન જેવી ચીજ વસ્તુઓ પર લોન સસ્તી થઈ શકે છે. એપ્રિલ મહિનાથી બેંકોને માર્જિનલ કોસ્ટ ઓફ ફંડિંગની ફોર્મ્યુલા અપનાવવી પડશે. સાથે સાથે સરકારે હાલમાં પીપીએફની સાથે નાની બચતની સ્કીમ પર વ્યાજદરમાં ધરખમ ઘટાડો કરી દીધોછે. જેથી એમ માનવામાં આવે છે કે આ બન્ને કારણોસર બેંકો પર ભારે દબાણ આવી શકે છે. આ તમામ પગલાનો લાભ ગ્રાહકોને મળે તે માટે બેંકો પર દબાણ આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર














